મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૪ ડીગ્રી
ભેજ
સવારે ૩૯ ટકા ● સાંજે ૨૯ ટકા

ગાંધીનગર તાપમાન



## વગડાવાળી ચેહરમાતાના મંદિરે હવન યોજાયો

આજે શહેરમાં હનુમાન જયંતિની ઉજવણી ભારે શ્રદ્ધાંપૂર્વ કરવામાં આવી હતી અને શહેરમાં ઠેર ઠેર હોમ-હવન જેવા અનુષ્ઠાન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયાં હતા. શહેરના સેક્ટર-૩ ખાતે વગડાવાળી માતા તરીકે પ્રસિદ્ધ ચેહરમાતાના મંદિરે હવનનું આયોજન કરાયું હતું. જેમાં શહેરના જાણીતા ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલ અને પ્રેમલસિંહ ગોલ તથા દત્તરાજસિંહ ગોલના પરિવાર યજમાનપદે ઉપસ્થિત રહી હતી.

## આજે મતદાન જાગૃતિ માટેની ફનસ્ટ્રીટમાં અવની મોદી સામેલ થશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં સંસ્કૃતિ ઈવેન્ટ્સ સંસ્થા દ્વારા આગામી તા. ૨૦મી એપ્રિલ શનિવારે સાંજે ૬ કલાકે ઘ-૪ સર્કલ નજીક સરદાર પટેલની પ્રતિમા પાસે સ્વર્ણિમ પાર્કમાં મતદાન જાગૃતિ મનોરંજન કાર્યક્રમ ‘ફનસ્ટ્રીટ’નું આયોજન કરવામાં આવ્યું છે. ફનસ્ટ્રીટ કાર્યક્રમમાં શહેરના નાગરિકોને વિવિધ મનોરંજક કાર્યક્રમો સાથે મતદાન કરવા અપીલ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં બોલીવુડની જાણીતી અભિનેત્રી અવની મોદી તથા અઘોરી મ્યુઝિકના કલાકારો ઉપસ્થિત રહેશે. ફનસ્ટ્રીટમાં મનોરંજક કાર્યક્રમો સાથે નાગરિકો માટે ડાન્સ અને ઝુમ્બા ગીત-સંગીત સહિતના કાર્યક્રમો યોજાશે તેવું સંસ્થાના મેહુલ ભોજકે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# એસટી ડેપો નજીક સૂકા પાંદડામાં આગ

## જાગૃત નાગરિકોએ સહિયારા પ્રયાસથી આગ આગળ વધતી અટકાવી

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં આજે પથિકાશ્રમ એસટી ડેપો નજીક રોડ સાઈડની ઝાડીઓમાં બપોરના સુમારે સૂકાં પાંદડાઓમાં આગ લાગી હતી અને પાંદડાઓનું પ્રમાણ ગત વાવાઝોડા-વરસાદને કારણે વધુ હોવાથી ધીમે ધીમે મોટું સ્વરૂપ ધારણ કરી રહી હતી. જોકે આ સમયે ત્યાંથી પસાર થઈ રહેલા જાગૃત યુગલે આગ હોલવવા પ્રયાસ હાથ ધર્યો હતો જેને અન્ય નાગરિકોની મદદ પ્રાપ્ત થતાં આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. જોકે આ દરમ્યાન તે સ્થળે વન વિભાગ દ્વારા વાવવામાં આવેલા નાના છોડ આગનો ભોગ બની ચુક્યાં હતા.

### વારંવાર સર્જાતી ઘટનાઓ અટકાવવા જનજાગૃતિ જરૂરી

જાહેરમાં કચરો કે સૂકાં પાંદડા સળગાવવાથી પર્યાવરણને નુકશાન થાય છે અને છાશવારે આવી ઘટનાઓ બનતી રહે છે જેમાં ઘણીવાર બેજવાબદાર નાગરિકો દ્વારા આગ લગાડવાની ઘટના બને છે. આ પ્રકારની ઘટનાઓ ભવિષ્યમાં ના સર્જાય તે માટે જનજાગૃતિ કેળવાય તથા તંત્ર દ્વારા તપાસ કરી જવાબદાર ઈસમો પર કડક કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી બનતુ જાય છે. અગર જો આગ કુદરતી રીતે લાગી હોય ત્યારે આવી ઘટનામાં સ્થાનિક નાગરિકો ત્વરિત આગ કાબુમાં લેવા પ્રયાસ કરે તેવી જાગૃતિ પણ જરરી જણાય છે.

શહેરમાં છાશવારે જાહેરમાં કચરો કે સૂકાં પાંદડા સળગાવવાની ઘટના બનતી હોય છે. તેમજ ઉનાળામાં સૂકા પાંદડામાં પવનને કારણે ઘર્ષણ થવાથી આપોઆપ આગ સળગી ઉઠવાની પણ શક્યતા રહેલી હોય છે. શહેરના પથિકાશ્રમ એસટી ડેપો નજીક વનવિભાગની વનરાજીમાં આજે બપોરે આ રીતે અગમ્ય કારણોસર આગ લાગી



હતી અને સમગ્ર વિસ્તારમાં સૂકાં પાંદડા ખૂબ વધુ હોવાથી આગ ઝડપથી પ્રસરી રહી હતી. આ સમયે ત્યાંથી પસાર થઈ રહેલા એક જાગૃત યુગલે આગ જોતા પોતાનું વાહન થોભાવી આગને હોલવવા પ્રયાસ હાથ ધર્યો હતો. તેમણે સૌ પ્રથમ આગ વધુ આગળ વધતી અટકે તે માટે સૂકા પાંદડાને જુદા પાડવાનું ચાલુ કરી દીધું હતું. યુગલને આ રીતે પ્રયાસ કરતા જોઈ આસપાસમાંથી અન્ય નાગરિકો પણ તેમની મદદે દોડી આવ્યા હતા અને જેમાંથી એક નાગરિકે પાણી ભરેલી ડોલની વ્યવસ્થા કરી હતી જેનો આગ પર છંટકાવ કરવામાં આવ્યો હતો. જાગૃત નાગરિકોના પ્રયાસથી થોડીવારમાં આગ પર કાબુ મેળવી તેને હોલવવામાં સફળતા મળી હતી પરંતુ આગમાં વન વિભાગ દ્વારા ઉછેરવામાં આવેલા નાના છોડ તથા તે સ્થળના વૃક્ષોને નુકશાન થવા પામ્યું હતું. ઉપસ્થિત નાગરિકોએ યુગલની સમયસૂચકતાની પ્રસંશા કરી હતી.

## @ગાંધીનગર

● વિજયભાઈ પટેલ પરિવાર દ્વારા ભારતીબાપુની વ્યાસપીઠે સે. ૨૮, ૨૩૯ ક્ષિતિજ એપાર્ટમેન્ટ નવરાત્રી ચોક ખાતે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

### રવિવારે જીવકલ્યાણ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

જીવકલ્યાણ સંસ્થા ગાંધીનગરની એપ્રિલ ૧૯ની બેઠક તા. ૨૧મીમી એપ્રિલના રોજ સાંજે ૫ વાગે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવનની સામે, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે મળનાર છે. મંત્રી બી.ડી. શર્માએ જણાવેલ છે.

**દેહદાન શ્રેષ્ઠ દાન**
**ચક્ષુદાન મહાદાન**



ચૈત્રી પુનમના રોજ શ્રી અંબાજી મંદિર ગિયોડ મુકામે ૧૧૧ રાજભોગ અન્નકુટ દર્શન કાર્યક્રમનું આયોજન આજરોજ રાખવામાં આવેલ હતું. આ ૧૧૧ રાજભોગ અન્નકુટના દર્શન સવારે ૮:૦૦ થી સાંજે ૫:૦૦ સુધી મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ કર્યા હતાં. આ ૧૧૧ રાજભોગ અન્નકુટના દર્શનના આયોજકો શ્રી યોગેશભાઈ પંડ્યા (પુજારીશ્રી અંબાજી મંદિર-ગિયોડ), પરેશ પંડયા, હર્ષદ પટેલ, વૈભવ શાહ હતાં.

## કેએસવી તથા એસવી ઈનોવેશન ફાઉન્ડેશને સ્ટાર્ટઅપ ઓપનહાઉસ યોજ્યું




ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનરમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય તથા એસવી ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા વાઘવાની ફાઉન્ડેશન, નેશનલ એન્ટર પ્રિન્યોરશીપ, એસએસઆઈવી તથા રાજય સરકારના સહયોગથી ‘‘સ્ટાર્ટઅપ ઓપન હાઉસ’’નું આયોજન કરાયું હતું જેમાં ૩૦થી વધુ સ્ટાર્ટઅપ્સ જોડાયાં હતા. કેન્દ્ર સરકાર દ્વારા ‘‘મેક ઈન ઈન્ડિયા’’ અંતર્ગત ‘‘સ્ટાર્ટ અપ’’ થકી નવા યુવા સાહસિક ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવે છે આ માટે વિવિધ સંસ્થાઓ સાથે જોડાણ કરી દરેક ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોને ‘‘સ્ટાર્ટઅપ’’ શરૂ કરવાની તક મળી રહે તેવું આયોજન કરવામાં આવે છે. કેએસવી તથા એસવી ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા આયોજિત સ્ટાર્ટઅપ ઓપન હાઉસમાં આ પ્રકારના ૩૦ સ્ટાર્ટઅપ્સે ભાગ લીધો હતો. આ પ્રસંગે કેએસવીના ચેરમેન વલ્લભભાઈ પટેલ, જીટીયુના વાઈસ ચાન્સેલર નવીનભાઈ શેઠ, નિર્મલ એનર્જીના સીએમડી તથા સપના વ્યાસે વેઈટ મેનેજમેન્ટના નિષ્ણાંત મધુસુદન એસ. તથા એસવી ફાઉન્ડેશનના સીઈઓ ડૉ. ભાવિન પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમને એસ.વી. ઈનોવેશન ફાઉન્ડેશનના કો-ઓર્ડિનેટર પ્રો. કૃપા મહેતા તથા કેએસવીના વિદ્યાર્થીઓ દ્વારા સફળ બનાવવા જહેમત ઉઠાવાઈ હતી.

## ફિક્સ પગારના મામલે અસરગ્રસ્ત કર્મચારીઓનો ખુલ્લો પત્ર

ગાંધીનગર, તા. ૧૯

સરકારની વિવિધ યોજનાઓના હજારો સંખ્યામાં કરાર આધારિત કર્મચારીઓને પુરતો પગાર ન મળવાથી તેમણે સરકાર તરફ અસંતોષ વ્યક્ત કર્યો છે. ઘણા પ્રયત્નો અને અરજી કરવા છતાં આ બાબતે સરકાર તરફથી જો હવે પગલા ન લેવાય તો પેનડાઉન સ્ટ્રાઈક, અસહકાર, સરકારી કામકાજનો બહિષ્કાર જેવા પગલા હવે ભરવામાં આવશે તેવું આ કરાર આધારિત અને બાંધ્યા પગારના કર્મચારીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે. કરાર આધારિત કર્મચારીઓએ તેમની વિવિધ સમસ્યાઓ અંગે રજૂઆત કરતા જણાવ્યુ છે કે સરકારના વિવિધ વિભાગોમાં હજારોની સંખ્યામાં વર્ષ ૨૦૧૧થી આજદિન સુધી પૂર્ણકક્ષાના કર્મચારીઓ ફરજ બજાવે છે. આવા કર્મચારીઓના વહીવટી, સેવાના, પગાર ધોરણ, લાભો, નોકરીની સ્થિરતા જેવા ઘણા પ્રશ્નો સમાધાન વગર ફંગોળાય છે. કર્મચારીઓની સેવાઓનો સ્વિકાર સરકાર કરે છે પણ તેમને મળવાપાત્ર લાભો અને સરકાર તરફથી કોઈ પ્રતિભાવ નથી. સમાન કામ માટે સમાન વેતનના ન્યાયના સિદ્ધાંત અને શૈક્ષણિક યોગ્યતા, હોદ્દાની પ્રતિષ્ઠા અને સામાજીક મોભા મુજબ સાતમી યોજનાના નિર્ધારણ અનુસાર યોગ્ય વેતનનો લાભ મળે તે માટે આ કર્મચારીઓને રાજ્યકક્ષાના અનેક કર્મચારી, શિક્ષક, અધ્યાપક મંડળનો ટેકો અને સમર્થન છે. આ ઉપરાંત કર્મચારીઓને ન્યાય નહીં મળે તો તેઓ પેનડાઉન સ્ટ્રાઈક, અસહકાર, અહિંસક ઉપવાસ આંદોલનો, સરકારી કામકાજનો બહિષ્કાર, સરકારની શોષણનીતિનો સમાજમાં બહોળો પ્રચાર જેવા પગલા ભરવા તેમને મજબુર થવું પડશે.

## ઘ-૬ કોર્નર પાસે પાન પાર્લરમાં સટ્ટો રમતા એક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૨૨ ખાતે ઘ-૬ સર્કલ કોર્નર પર આવેલા એક પાન પાર્લરમાં બેસીને આઈપીએલ ક્રિકેટ મેચ પર એક શખ્સ સટ્ટો રમી રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબી ટીમે પાન પાર્લર પર દરોડો પાડ્યો હતો. ચંદન પાન પાર્લર ચલાવતા અને પાર્લર પર બેસીને લાઈવ ક્રિકેટ પર સટ્ટો રમતા શખ્સને એલસીબીને ટીમે રંગેહાથ પકડી પાડ્યો હતો એલસીબીએ રૂ.૨૩ હજારના મુદ્દામાલ સાથે સટોડીયાની ધરપકડ કરી તેની સામે સેકટર-૨૧ પોલીસ મથકમાં ગુનો દાખલ કર્યો છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની ટીમના કોન્સ્ટેબલ ભવાનસિંહને બાતમી મળી હતી કે ઘ-૬ સર્કલના કોર્નર પાસે સે-૨૨ ના ખુણે આવેલા ચંદન પાન પાર્લર ચલાવતો અજીત દશરથ પટેલ નામનો શખ્સ પાર્લર પર બેસીને ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહ્યો છે. આ બાતમીને આધારે એલસીબીની ટીમે દરોડો પાડી મુંબઈ ઈન્ડીયન્સ અને દિલ્લી કેપીટલ વચ્ચે ચાલતી લાઈવ ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહેલા અજીત પટેલને દબોચી લીધો હતો. અજીત પાસેથી એક મોબાઈલ રૂ.૭ હજાર રોકડ અને રૂ.૧૦ હજારની કિંમતનું એલઈડી ટીવી, સેટઅપ બોક્સ, અને રીમોટ મળી આવ્યું હતું. રૂ.૨૩,૨૦૦ ના મુદ્દામાલ સાથે એલસીબીએ અજીતની ધરપકડ કરી તેની સામે સે-૨૧ પોલીસ મથકમાં ગુનો દાખલ કર્યો છે. મળતી વિગત મુજબ અજીત પટેલના મોબાઈલમાંથી બે એપ્લીકેશન મળી આવી છે. જેમાં એક એપ્લીકેશનમાં સટ્ટો લેનાર વિજાપુરનો મોગલ નામનો બુકી હોવાનું અને બીજી એપ્લીકેશનમાં સટ્ટો લેનાર કોલવડાનો જયદિપસિંહ હોવાનું પ્રાથમિક પુછપરછમાં બહાર આવ્યું છે. એલસીબીની ટીમે તે દિશામાં ઉંડી તપાસ શરુ કરી છે.

ગૂંજ ફાઉન્ડેશન દ્વારા ચલાવાતી ‘‘બ્લડબેંક ઓન વ્હોટ્સએપ’’ને ત્રણ વર્ષ પુરા થતા

## રાહેલબા વૃદ્ધાશ્રમના વડિલોને જમાડી અનોખી ઉજવણી કરાઈ

### ત્રણ વર્ષમાં ૨૫૦૦થી વધુ રક્ત સેવા પુરી પાડનાર અનોખી બ્લડ બેંક



ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં છેલ્લાં ત્રણ વર્ષથી સેવાભાવી યુવાનો દ્વારા અનોખી બ્લડબેંક ચલાવવામાં આવે છે. જેમાં એક પણ બોટલ રક્ત જમા નથી હોતુ છતાં સરેરાશ રોજની ૩ થી ૪ બોટલ રક્ત જરૂરિયાતવાળા દર્દીને પુરૂ પાડવામાં આવે છે. આ બ્લડબેંક વ્હોટસએપ જેવા સોશ્યલ મિડિયાનો ઉપયોગ કરી ચલાવાય છે જેમાં અંદાજે ૯૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયેલા છે. આજે તા. ૧૮મી એપ્રિલે આ બ્લડબેંકને ત્રણ વર્ષ પૂર્ણ થવાના અવસરે તેના સંચાલક ગૂંજ ફાઉન્ડેશનના યુવાનોએ મગોડી ખાતેના રાહેલબા વૃદ્ધાશ્રમના ૪૦ જેટલા વડિલોને ભોજન કરાવી ઉજવણી કરી હતી.

ગૂંજ ફાઉન્ડેશન દ્વારા ત્રણ વર્ષ પૂર્વે તા. ૧૮મી એપ્રિલ ૨૦૧૬ના રોજથી ‘બ્લડબેંક ઓન વ્હોટસએપ’ની શરૂઆત કરી હતી જેમાં રક્તની જરૂરિયાત હોય તેવા દર્દીઓના મેસેજને સ્વેચ્છાએ જોડાયેલા રક્તદાતાઓ સમક્ષ મુકવામાં આવે છે. આ મેસેજને અનુલક્ષીને જોડાયેલા રક્તદાતાઓમાંથી જેને અનુકૂળ હોય તે રક્તદાન કરી દર્દીને રક્ત પુરૂ પાડે છે જેની નોંધ ગૂંજ ફાઉન્ડેશનના સ્વયંસેવકો દ્વારા રાખવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષમાં ગૂંજ ફાઉન્ડેશન દ્વારા મહિલા રક્તદાતાઓ સહિત આવા પાંચ વ્હોટસએપ ગૃપ વિકસાવ્યા છે. આ રક્તદાતાઓ દ્વારા ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત આસપાસના વિસ્તારોમાં દર્દીઓને વિનામૂલ્યે રક્તની જરૂરિયાત પુરી પાડવાની સેવા આપવામાં આવે છે. જે થકી અત્યાર સુધીમાં ૨૨૦૦થી વધુ રક્ત યુનિટ્સ પુરૂ પાડવામાં આવી ચુક્યુ છે. આ ઉપરાંત પહેલા અને બીજા વર્ષે ૧૮મી એપ્રિલે આયોજિત કરવામાં આવેલા મેગા રક્તદાન કેમ્પ અંતર્ગત અનુક્રમે ૧૫૧ અને ૧૬૩ એમ કુલ મળીને ૩૧૪ બોટલ રક્ત એકત્ર કરાયુ હતુ જે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલને આપવામાં આવ્યું હતું. આમ અત્યાર સુધીમાં ૨૫૦૦થી વધુ રક્ત યુનિટ્સની સેવા ‘બ્લેડ બેંક ઓન વ્હોટ્સએપ’ દ્વારા પુરી પાડવામાં આવી છે. આજે આ બ્લડબેંકને ત્રણ વર્ષ પુરા થવાના પ્રસંગે ગૂંજ ફાઉન્ડેશનના યુવાનો દ્વારા મગોડી ખાતેના રાહેલબા વૃદ્ધાશ્રમમાં ૪૦થી વધુ વડિલોને ભોજન કરાવી ઉજવણી કરવામાં આવી હતી.

## વાવોલ રેલવે ફાટક દિવસભર બંધ રહેતા વાહનચાલકો ત્રાહિમામ

### સવારે ૭ થી સાંજના ૬ સુધી મેન્ટેનન્સના કારણે ફાટક બંધ રહ્યું : ધરમધક્કા ખાતા વાહનચાલકો ગરનાળાના કિચડમાં અટવાયા

ગાંધીનગર, તા. ૧૯

આજે ગાંધીનગર-વાવોલને જોડતા માર્ગ પર મેન્ટેનન્સના કારણે રેલવે ફાટક બંધ રખાતા



વાહનચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. વહેલી સવારથી મોડી સાંજ સુધી બંધ રખાયેલા રેલવે ફાટકને કારણે દિવસભર વાહનચાલકોને ડાયવર્ઝન માર્ગનો ઉપયોગ કરવો પડ્યો હતો જેને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

સવારે અંદાજે ૭ વાગ્યાના સુમારે જ રોડ નં. ૩ પરના વાવોલ રેલવે ફાટકને બંધ કરી દેવાતા વાવોલના ગ્રામજનો તથા નવા વિકસેલા સોસાયટી વિસ્તારના રહીશો પરેશાનીનો ભોગ બન્યાં હતા. વહેલી સવારથી ગાંધીનગર તરફ આવતા સ્કૂલવાન સહિત શટલિયા રીક્ષા અને નોકરિયાતોના વાહનોની ફાટકે લાંબીલચક લાઈનો લાગી હતી. વાહનચાલકોને રેલવે ફાટક ટ્રેનના કારણે નહી પરંતુ મેન્ટેનન્સના કારણે બંધ રખાયું હોવાની

ફાટક પરના રેલવે કર્મચારીએ જાણ કરતા છેવટે વાહનચાલકોએ નજીકના વૈકલ્પિક માર્ગ પકડીને રેલવેના ગરનાળાનો ઉપયોગ કરવો પડ્યો હતો. જેમાં પણ કાદવ-કીચડના કારણે વાહનચાલકો ખાસ કરી ટુ-વ્હીલર ચાલકો મુશ્કેલીનો ભોગ બન્યાં હતા. કેટલાક વાહનચાલકોએ વાવોલના હરિનગર તરફના રેલવે ફાટકે થઈને જવાનો વિકલ્પ અપનાવ્યો હતો પરંતુ ત્યાં પણ રસ્તો સાંકડો હોવાને કારણે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.

સવારે ૭ વાગ્યાથી બંધ રહેલ રેલવે ફાટક છેક સાંજે ૬ ના સુમારે ખોલવામાં આવ્યું હતું. આમ, સમગ્ર દિવસ દરમ્યાન વાહનચાલકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવો પડ્યો હતો તથા ફાટક બંધ હોવાની બાબતે અજાણ વાહનચાલકોને ધરમધક્કા પડ્યાં હતા અને જેના કારણે અનેક કર્મચારીઓ પોતાની ઓફિસે પહોંચવામાં મોડા પડ્યાં હોય તેવી ઘટનાઓ પણ સર્જાઈ હતી.

### વાહનચાલકોની સંખ્યા વધી પરંતુ ઓવરબ્રીજ ક્યારે ?

વાવોલ રેલવે ફાટક છેલ્લાં કેટલાય વર્ષોથી વાહનચાલકો માટે માથાનો દુઃખાવો બન્યું છે અને હવે વાવોલમાં નવા સોસાયટી વિસ્તારનો વિકાસ ઝડપથી થવાથી વાહનચાલકોની સંખ્યામાં પણ ખુબ વધારો થયો હોવાથી આ સમસ્યા વધુ ઘેરી બની છે. રેલવે સ્ટેશન નજીક હોવાથી આવતી જતી ટ્રેનના સમયે પણ ફાટક લાંબા સમય સુધી બંધ રહે છે. આમ તો, રેલવે સ્ટેશનથી ‘ક’રોડને જોડતા અન્ડર પાસનું કામ પૂર્ણતાને આરે છે પરંતુ વાવોલના રહીશો માર્ગ નં. ૩ના ફાટક પર વારંવાર થયેલી ઓવરબ્રીઝની જાહેરાતો મુજબ ઓવરબ્રીઝ ઝડપથી બનાવાય તેવું ઈચ્છી રહ્યાં છે.

# ઉનાળામાં બરફના વેચાણમાં બમણો વધારો

ગાંધીનગર, તા.૧૯

ઉનાળાના પ્રારંભે જ આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ગરમીથી નગરનું જનજીવન પ્રભાવિત બન્યું છે, શહેર બપોરના સમયે સુમસામ બની જાય છે. ગરમીથી રાહત મેળવવા માટે એસી,પંખા અને એરકુલર સહિત ઠંડાપીણા તેમજ બરફની ચીજવસ્તુઓ આરોગી ઠંડક મેળવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરમાં ઉનાળાની સિઝનમાં બરફના વેચાણમાં બમણો વધારો જોવા મળે છે. સામાન્ય દિવસોમાં શહેરમાં બરફના વપરાશકર્તાઓ ૮૦ થી ૯૦ કિલો બરફનો વપરાશ થાય છે. પરંતુ ઉનાળાની કાળઝાળ ગરમી અને લગ્નસરાની સિઝનને પગલે બરફના વેચાણમાં તોંતિગ વધારો જોવા મળે છે. શહેરમાં મુખ્ય માર્ગો પર અને સર્કલો સહિત ન્યું ગાંધીનગરમાં ૩૦ થી વધુ બરફના વેપારીઓ કાર્યરત છે. જેઓ પાન પાર્લર કે રેકડીવાળાને જે તે સ્થળે જરુરીયાત મુજબનો બરફ પહોંચાડે છે. ડીશગોળા, સોડા, ઠંડાપીણા, પાનપાર્લર, શેરડીના કોલા, મસાલા છાશ, પાણીની બોટલ ઠંડી રાખવા, લીંબુ શીંકજી, લગ્નમાં રસ કે શ્રીખંડને ઠંડકમાં રાખવા માટે તેમજ પાણી પીવા માટે બરફનો સવિશેષ ઉપયોગ થાય છે.



ગાંધીનગર શહેરમાં ઉનાળાની ગરમીને પગલે અંદાજીત લાખો કિલો બરફનો ઉપયોગ થાય છે. શહેરના ઘ માર્ગ પર ઘ-૬, ઘ-૫, ઘ-૩, સત્યાગ્રહ છાવણી, ઘ-૨, સેકટર-૨૪, ૨૮, ન્યું ગાંધીનગરમાં રીલાયન્સ ચોકડી, સરગાસણ ચોકડી સહિત કુડાસણમાં બરફના વેચાણ કેન્દ્રો આવેલા છે. ત્યારે પાનના ગલ્લાથી લઈને રેકડીવાળા ઉનાળાની ગરમીથી રાહત મેળવવા પાણીની બોટલ ઠંડી રાખવા માટે પણ બરફનો ઉપયોગ કરી રહ્યા છે. જયારે ઉનાળામાં મોટાભાગના વેપારીઓનો ધંધો બમણો જોવા મળે છે. ત્યારે શહેરમાં રોજનો લાખો કિલો વેચાણ થતો બરફ આરોગ્યપ્રદ છે કે કેમ તેની ચકાસણી કરવી એ તંત્રની ફરજ છે. હાલના સમયે તો ગરમીથી કંટાળેલા નાગરીકો બરફની ચીજવસ્તુઓ આરોગી ગરમીમાં ઠંડક મેળવી રહ્યા છે.